## પ્રવચન નં. ૮ ગાથા - ૧ તા. ૧૫-૬-૧૯૭૮ ગુરુવાર જેઠ સુદ-૯ સં. ૨૫૦૪

સમયસાર ભાવાર્થ છે પહેલી ગાથાનો ભાવાર્થ–ગાથાનો અર્થ થઈ ગયો છે. ‘ગાથા સૂત્રમાં આચાર્યે વક્ષ્યામિ કહ્યું છે’ વોચ્છામિ કહ્યું છે ને વોચ્છામિ એનો અર્થ વક્ષ્યામિ કર્યો છે. તેનો અર્થ ટીકાકારે વચ્ પરિભાષણે ધાતુથી પરિભાષણ કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે કે ચૌદ પૂર્વમાં જ્ઞાન પ્રવાદ નામનો પાંચમા પૂર્વમાં બાર વસ્તુ અધિકાર છે. તેમાં એકેકના વીસ વીસ પ્રાભૃત અધિકાર છે. તેમાં દસમાં વસ્તુમાં સમય નામનો પ્રાભૃત છે. તેના મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું અને તેના અર્થનું જ્ઞાન, શબ્દોનું નહીં. અર્થોનું જ્ઞાન, અર્થોનું જ્ઞાન, આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. અર્થ હોં ? સૂત્ર શબ્દો નહિ, મૂળ શબ્દો નહિ, અર્થોનું જ્ઞાન હતું. શબ્દો જે હતા એ નહોતા એ વખતે. આહાહા ! તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. પણ હતું એટલે શું કે આચાર્યોને તો હતું પણ કુંદકુંદાચાર્યને પણ હતું.

તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું. પરિભાષાસૂત્ર બાંધ્યું. એટલે ? સૂત્રની દસ જાતિઓ કહેવામાં આવે છે તેમાં એક પરિભાષા જાતિ પણ છે. એટલે ? પરિભાષા એટલે ? અધિકારને જે યથાસ્થાનમાં અર્થદ્વારા સૂચવે, શબ્દની વાત અત્યારે અહીં નથી .શબ્દો તો હતા જ નહિં, અર્થ દ્વારા જ્ઞાન થતું. અર્થને સૂચવે, એમ કહેવું છે. યથાસ્થાનમાં અધિકારને જ્યાં જોઈએ ત્યાં, તેના અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે. સમજાય છે ? મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો નહોતું.. કુંદકુંદાચાર્યને એના અર્થનું જ્ઞાન હતું. અને એ અર્થને યથાસ્થાને રચવા એટલે પરિભાષા એને કીધા.. ‘ વોચ્છામિ ’ યથાસ્થાને અર્થોને કહીશ. જે ઠેકાણે જેની જરૂર છે, તે સ્થાનમાં તે સૂત્રોના અર્થો આવશે એમ. આહાહા !

કુંદકુંદઆચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે. એટલે સમયપ્રાભૃતના અર્થને જ એના અર્થને યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે. લ્યો છે પરિભાષા સૂત્ર અહીં આ, પણ એ અર્થને રચે છે. મૂળ ભાષા તો છે નહિં એટલે એના અર્થને અહીંયા સૂચવે છે.

'આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે'. સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે. અહીં તો સંસારીને શુદ્ધાત્મા સાધ્ય છે એ વાત લીધી છે. એવા જીવો લીધા છે અહીં. જેને આત્મા શુદ્ધ સાધ્ય છે. એવા સંસારી જીવોને અહીં લીધા છે. જેને શુદ્ધાત્મા સાધ્ય નથી એની અહીં વાત નથી. આહાહા ! સંસારીને શુદ્ધાત્મા સાધ્ય છે. 'અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે', સિદ્ધ પરમાત્મા સાક્ષાત્ શુદ્ધાત્મા છે, જુઓ અહીં તો આમ લીધું, નહીંતર સિદ્ધ આત્મા એ ક્ષાયિક ભાવ છે, પણ શુદ્ધાત્મા છે એ ( સાક્ષાત્ એટલે પર્યાય છે ) પર્યાય, શુદ્ધાત્મા છે પર્યાય પણ શુદ્ધ છે. જેવો કારણ સયમસાર ત્રિકાળ પરમ સ્વભાવભાવ અમર્યાદિત સ્વરૂપ વસ્તુ, જેને કર્મના નિમિત્તની હૈયાતિની અપેક્ષા નથી, અને નિમિત્તના અભાવની અપેક્ષા નથી, એવો જે પરમ સ્વભાવ જ્ઞાયકભાવ, અને તેને કારણ સમયસાર કહીને, તેમાંથી ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન સિદ્ધ આત્મા એને કાર્ય સમયસાર કહ્યું છે. અને કારણ સમયસાર અને કાર્ય સમયસાર બેમાં ફેર નથી એમ કહ્યું છે, નિયમસાર; અહીં તો ભાઈ ! યથાસ્થાને જે હોય એમ આવે. એક અક્ષર ફરે તો આખું ફરી જાય, અને સંસારીને પણ સિદ્ધ જેવા કહ્યા છે નિયમસારમાં, અશુદ્ધ પર્યાય કાઢી નાખીને, એનો સ્વભાવ છે એ સિદ્ધ સ્વરૂપ જ છે ! પર્યાયમાં સિદ્ધ જેવા છે એમ નહિ. પણ વસ્તુ છે એ સિદ્ધ સ્વરૂપી જ છે દરેક ( ની ) તેથી તેની પર્યાયમાં સિદ્ધ પર્યાય સ્વરૂપે, સિદ્ધ સ્વરૂપે છે તેથી પર્યાયમાં સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા ! થોડા શબ્દોમાં પણ કેટલું ભર્યું છે.

સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા જોયું ? તેથી તેમને નમસ્કાર કરવો. એક બાજુ સિદ્ધને પણ ક્ષાયિકભાવ કહીને એ જીવમાં નથી એમ કહ્યું છે. નિયમસાર ! ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવ, ઉપશમભાવ, ઉદયભાવ ( ચારે ભાવ ) વસ્તુમાં નથી, ત્રિકાળમાં ક્યાં છે ? એ તો પર્યાય છે. આહાહા ! એક બાજુ અહીં કહે કે સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે. એ ક્ષાયિકભાવ, પર્યાયની અપેક્ષાએ. આહાહા ! વીતરાગ માર્ગ ઘણો ગહન. આહાહા ! આ સિદ્ધ આત્મા સાક્ષાત્ શુદ્ધાત્મા છે. જેને ક્ષાયિકભાવ કહી અને નિયમસારમાં જીવમાં નથી એમ કહ્યું છે, એ પર્યાય નથી એમ, પણ પર્યાય જે છે એ તો સાક્ષાત્ શુદ્ધ સ્વરૂપ, ક્ષાયિકભાવ, સ્વભાવભાવ, કેવળજ્ઞાન, કેવળદર્શનને સ્વભાવભાવ કહ્યો. ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શનને વિભાવભાવ કહ્યો, બીજા ઠેકાણે એ ચારેય જ્ઞાનને ( ભાવને ) વિભાવભાવ કહ્યો, કઈ અપેક્ષાએ ? કે ત્રિકાળી સ્વભાવ નથી, અને કર્મના અભાવની અપેક્ષા કેવળજ્ઞાનમાં આવે છે. ક્ષાયિક એવી દશા, તેથી અપેક્ષાએ વિભાવ તેને કહ્યો છે. પંડિતજી ! કેવળજ્ઞાનને વિભાવ, અહીં ( કહ્યું ) શુદ્ધાત્મા સાક્ષાત્ કેટલી અપેક્ષાઓ છે. આહાહા !

"તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે." "કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો ?" તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે ઉપર આવી ગયેલ છે. તે અહીં પણ સમ જાણવી. બધા ગુણથી એને ઓળખાવ્યા છે. અન્યમતિઓ એક નામે કરીને વિવાદ કરે છે એનો વ્યવચ્છેદ કરે છે. એ સિદ્ધને પરમાત્મા કહેવાય, અરિહંત કહેવાય, સિદ્ધ આત્મા કહેવાય, પુણ્ય આત્મા કહેવાય, અનેક પ્રકારે જે એમાં લાગુ પડે છે તે પ્રમાણે કહેવાય. આહાહા !

" સિદ્ધોને ' સર્વ ' એવું વિશેષણ આપ્યું છે. " આવ્યું 'તું ને વંદિતું સવ્વસિદ્ધે પહેલી ગાથામાં, સર્વ સિદ્ધ સર્વ સિદ્ધોને નમસ્કાર. " તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો. સિદ્ધ એક છે નહિ, સિદ્ધ અનંત છે, જ્યારે પૂછો ત્યારે અનંત સિદ્ધ જ છે. જો કે, વર્તમાન તો ભગવાન કુંદકુંદાચાર્ય વખતે તો અનંત સિદ્ધ તો છે જ, પણ ત્રણ કાળમાં કોઈ કાળે અનંત સિદ્ધ ન હોય અને બે ચાર કે સંખ્યાત અસંખ્યાત સિદ્ધ હતા, એમ છે જ નહિ, અનંત સિદ્ધ છે. આહાહા ! બસ ! એ અનંતમાં ભળતી જાય સંખ્યા તો પણ અનંત ને અનંત, તે પણ એક શરીર નિગોદના અનંતમાં ભાગે. એક રાઈ જેટલો કટકો લઈએ, લસણ કે ડુંગળી– પ્યાજ એમાં અસંખ્ય તો શરીર છે. અને એક શરીરને અનંતમે ભાગે સિદ્ધ થયા અને અનંતમે ભાગે સિદ્ધ થશે. કોઈ દિ ' અસંખ્યમેં ભાગે સિદ્ધ થશે એમ બનશે નહિ. આહાહા ! અનંતકાળ વીતી ગયો, અને અનંતકાળ વીતશે, ભવિષ્ય ભવિષ્ય ભવિષ્ય ભવિષ્ય અનંત અનંત અનંત તો પણ એક શરીરના અનંતમા ભાગે સિદ્ધ થાશે ( ભવિષ્ય પૂરૂં કે દિ ' થાય ) ભવિષ્ય પૂરૂં કે દિ ' થાય ? આહાહા ! વસ્તુની કોઈ સ્થિતિ જ એવી છે, ક્ષેત્ર પૂરૂં ક્યાં થાય ? કાળ પૂરો ક્યાં થાય ? કાળની શરૂઆત ક્યાંથી થાય ? દ્રવ્યની પર્યાય પહેલી કઈ ? દ્રવ્યની પર્યાય છેલ્લી કઈ ? આહાહાહાહા ! ગજબ સ્વભાવ છે ! પહેલી કે દિ ' હતી ? દ્રવ્ય અનાદિનું છે ને પર્યાય અનાદિની છે. એમ છેલ્લી પર્યાય કે દિ ' ? દ્રવ્ય પણ અનંત કાળ છે અને પર્યાય પણ એમ ને એમ અનંતકાળ છે. આહાહા !

ગહન વિષય જિનેશ્વરદેવનું તત્ત્વ ગહન ઘણું અને એ સિવાય બીજે ક્યાંય છે ય નહિ. બીજે બધી કલ્પનાઓથી વાત કરી, પણ આને ઊંડો ઉતરવાનો વખત ન મળે, જૈનના વાડામાં પડયા એને આ વ્રત કરવા ને ઉપવાસ કરવા, દયા પાળવી અને દાન કરવા, બસ ! એમાં રોકાઈ ગયા બિચારા. આહાહા ! રાગની ક્રિયાઓ છે એ તો. આહાહા ! અહીં કહે છે, સિદ્ધ અનંત થઈ ગયા, આત્મામાં શુદ્ધ સાધક પર્યાય પ્રગટ કરી. આહાહા ! સિદ્ધ સ્વરૂપે તો હતા જ પણ પર્યાયમાં સાધકપણે શુદ્ધને પ્રગટ કરી અનંતા પર્યાયમાં સિદ્ધ થયા. આહાહા ! અનંત સિદ્ધની કબૂલાત કરી. અનંત સિદ્ધો શુદ્ધના સાધનદ્વારા, સિદ્ધ થયા અને અનંત સિદ્ધ થયા એની શુદ્ધતા પૂરી થઈ, એવા અનંત સિદ્ધો છે. આહાહા !

" અને શુદ્ધાત્મા એક જ છે એવું કહેનાર અન્યમતિઓનો વ્યવચ્છેદ કર્યો. " સર્વ વ્યાપક એક જ આત્મા છે. આહાહા ! અમારે આવ્યો 'તો એક નવાણુમાં કાંપમાં હતો ને ધ્રાંગધ્રાનો હતો વ્યાખ્યાન સાંભળે વેદાંતી, એક ! એક ! એક ! કર્યા કરે, એક ! એક ! એક ! એમ કર્યા કરે, ધ્રાંગધ્રાનો હતો ૯૯ ની સાલની વાત છે. અરે ભાઈ ! પણ એક છે અને એક નથી એવો નિર્ણય કોણે કર્યો ? ( પર્યાયે ) ત્યાં બે થઈ ગયા. નિર્ણય કરનારી પર્યાય અને નિર્ણય કર્યો દ્રવ્યનો, તો બે થઈ ગયા. દ્રવ્ય ને પર્યાય બે થઈ ગયા, તો દ્વૈત થઈ ગયું, પણ એ વસ્તુ વીતરાગ સિવાય કોઈએ જાણી જોઈ નથી એટલે ( બધાએ ) કલ્પનાથી વાતું કરી. આ તો સર્વજ્ઞ. આહાહાહા ! જેના ક્ષેત્રનો અંત નથી એ શું ? શું કહે છે ? એવા પ્રદેશો જેટલા છે એના, એથી અનંત ગુણા ગુણ છે ( એક જીવમાં ) એ શું કહે છે ! ! એક દ્રવ્યમાં અનંત ગુણા ગુણ એમાં છે, જેનો અંત નથી, છેલ્લે ક્યો આકાશનો પ્રદેશ દશા પર્યાય અથવા પ્રદેશ એવું છે નહિં એથી અનંત ગુણા આત્માના ગુણો, સંખ્યાએ અનંત તે અનંતનો અંત નહિ એટલા બધા ગુણો, એવા અનંતા ગુણોના સ્વરૂપને

સાધી, અનંતા સિદ્ધ થયા. શુદ્ધાત્મા એક જ એવું કહેનારનો નિષેધ કર્યો.

પછી, " શ્રુતકેવળી શબ્દનાં અર્થમાં, " શ્રુતકેવળી હતો ને ? ' વોચ્છામિ સમયપાહુડંમિણમો શ્રુતકેવળી ભણીયં ' પાઠમાં તો શ્રુતકેવળી ભણીયં ' એટલું છે. છતાં આમાંથી બે કાઢવું છે ( બે પ્રકાર કહેવા છે ) અમારે એમ કહે છે. " શ્રુત તો અનાદિનિધન પ્રવાહરૂપ આગમ શ્રુતકેવળી અને કેવળી " શ્રુતના બે અર્થ જુદા કર્યા શ્રુતકેવળી એમ નહિ શ્રુત અને કેવળી. આહાહા ! શ્રુત તો અનાદિ અનંત અનિધન એટલે અનંત–પ્રવાહરૂપ એમ ને એમ અનાદિથી પ્રવાહરૂપ. આહાહા ! કે દિ ' આગમ નહોતું ? સંસારમાં જગતમાં કે દિ ' આગમ નહોતું ? આહાહા ! કે દિ ' સિદ્ધ નહોતા ? કે દિ ' કેવળજ્ઞાની મનુષ્યપણે નહોતા ? હેં ? આહાહાહા ! એમ આગમ કે દિ ' નહોતું અનંત કાળમાં ? આહાહા ! પ્રવાહરૂપે આગમ અનાદિથી છે. આહાહા ! શ્રુત અનાદિ અનંત, અનાદિ એટલે ' અન ', આદિ નહિ અને અનિધન એટલે અંત નહિ. જેની આદિ નથી, અંત નથી. એવા પ્રવાહરૂપ આગમ આહાહા ! ભૂતકાળમાં આગમ આમણે કહ્યું પહેલું એવું નથી અને ભવિષ્યમાં આગમ હવે થઈ રહ્યું એમ નથી. આહાહા ! અનાદિ અનંત પ્રવાહરૂપ શ્રુતજ્ઞાન–શ્રુત ચાલ્યું જ જાય છે. આહાહા ! અનાદિ અનંત પ્રવાહરૂપ આગમ.

' કેવળી ' શબ્દથી સર્વજ્ઞ અને પરમાગમના જાણનાર શ્રુતકેવળી કહ્યા. કેવળી શબ્દથી બે કાઢયા ( કહ્યા ) ઓલામાં શ્રુત એકલા શ્રુત પરમાગમ બસ; કેવળી શબ્દથી સર્વજ્ઞ ભગવાન, આહાહાહા ! કે દિ ' નહોતા ? ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારની હૈયાતિ કે દિ ' નહોતી ? આહાહા ! અગમ અગમની વાતું છે બધી. વસ્તુ જ એવી છે તારી કહે છે બાપા. આહાહા ! તારામાં અનંતા ગુણો છે તે કે દિ ' નહતા ? અને કે દિ ' એનો અંત આવશે, એટલે ગુણ પૂરા થઈ જશે ભવિષ્યમાં ? આહાહા ! એની પર્યાય પૂરી થઈ જશે કે દિ ' ?

એકલા આત્મા– સ્વભાવની વાતું છે. આહાહા ! કેવળી શબ્દથી સર્વજ્ઞ અને પરમાગમના જાણનારા શ્રુતકેવળી બેયને લીધા. નિયમસારમાં તો બેય શબ્દ જુદા જ છે. કેવળી, શ્રુતકેવળી ભણીદં એવો પાઠ ચોખ્ખો છે. એ ભાવને અહીંયા લીધો છે. કહેવાનો આશય પણ આ જ છે. એમ કે શ્રુત પણ છે અને કેવળીમાં બેય છે, સર્વજ્ઞ અને શ્રુતકેવળી, શ્રુત ને દ્રવ્ય, અનાદિ અનંત આગમની વાણી એની પણ શરૂઆત નથી, એનો પણ અંત નથી. અને કેવળીની પણ શરૂઆત નથી અને કેવળીનો અંત નથી. એમ પરમાગમના જાણનારા ગણધરો, શ્રુતકેવળીઓ આહાહા ! એની પણ આદિ નથી એનો અંત નથી. આહાહા !

" તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી. " સર્વજ્ઞ અને શ્રુતકેવળી, આગમ અનાદિ–અનંત, કેવળી શ્રુતકેવળી અનાદિ અનંત એ અનાદિ–અનંત કેવળી અને શ્રુતકેવળીથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ થઈ. પહેલી ( આદિ થઈ ) એમ કંઈ નથી. આહાહા ! એ સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે, એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી. ગ્રંથની યથાર્થતા પ્રમાણતા. આ ગ્રંથ પ્રમાણ કેમ છે ? કે આ કારણે પ્રમાણ છે. ઓલો કહે કે આ પ્રમાણ છે ? કે આ પ્રમાણ છે ? કે આ સાચું છે ? અરે પ્રભુ એ વાત છે નહિ. આહાહા ! " એ ગ્રંથ પ્રમાણતાને પામ્યો છે. " કેમકે શ્રુત–દ્રવ્યશ્રુત એ પણ અનાદિ અનંત છે. કહેનારા ભાવશ્રુતી કેવળીઓ પણ અનાદિ અનંત છે અને સર્વજ્ઞ પણ અનાદિ અનંત છે અને એમણે કહેલું પણ અનાદિ અનંત છે. પહેલા સર્વજ્ઞે આ

કહ્યું 'તું ને શ્રુતકેવળીએ પહેલા આ કહ્યું 'તું એમ નથી. આહાહા ! કેટલી ગંભીરતા.

આ તો વસ્તુની સ્થિતિ છે એનું વર્ણન છે. આમાં આમ હશે કે આમ હશે એમ છે નહીં, આમ ( જ ) છે. આહાહા ! એ રીતે ગ્રંથની પ્રમાણતા એટલે સત્યતા બતાવી; આ ગ્રંથ સત્ય છે એમ તેમાં સિદ્ધ કરી દીધું અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો. આહાહા ! અમે અત્યારે બુદ્ધિની કલ્પનાથી કહીએ છીએ એમ નહિ. એ તો શ્રુતકેવળીએ કહેલું શ્રુત અને શ્રુત અનાદિ છે એ રીતે કહેવાય છે. આહાહા ! ' સિદ્ધો વર્ણ સમામ્નાય ' નથી આવતું ? મોક્ષમાર્ગમાં, વ્યાકરણમાં આવે છે અને મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે, કે ' સિદ્ધો વર્ણ ' ભાષા છે એ સિદ્ધ અનાદિની છે એ કોઈએ કરી છે એમ નથી.

એ ભાષા નાની ઉંમરમાં આપતા, પહેલી અમને આપી, ધૂળી નિશાળે જતાં ધૂળી, લખવાનું ધૂળમાં લખાવે, ત્યારે પહેલો શબ્દ આ આપ્યો 'તો. " સિદ્ધો વર્ણ સમામ્નાય " ન્યાં ક્યાં શબ્દના અર્થની ખબર હતી ? નથ્થુ માસ્તર હતા એક વૃદ્ધ બચારા, છોકરો હતો એક સાધારણ ધૂળી નિશાળ એને પગાર થોડો થોડો આપતા છોકરાઓ, લગન હોય કે દાહડો હોય ત્યારે આપે. શું કહે ? પીરસણું કંઈ થોડું થોડું આપતા ચાર-ચાર પૈસા કે એવું એને આજીવિકા થઈ રહેતી. એમાં એણે પહેલું આ લખાવ્યું હતું " સિદ્ધોવર્ણ સમામ્નાય "

આપણે મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે, છે અહીંયા મોક્ષમાર્ગ પ્રકાશક ? નથી. ગ્રંથની પ્રમાણતા- એવો શબ્દ છે, એમાં આ લખ્યું છે. ' અકાર ' આદિ ઉચ્ચાર તો અનાદિનિધન છે. એ કાંઈ નવું નથી કોઈએ નવા કર્યા નથી. એનો આકાર લખવો પોતાની ઈચ્છા અનુસાર પણ એ પણ આકાર એની મેળાએ થાય છે. પરંતુ બોલવામાં આવે છે તે અક્ષર તો સર્વત્ર સર્વદા એ જ પ્રમાણે પ્રવર્તે છે, કહ્યું છે કે ' સિદ્ધોવર્ણ સમામ્નાય ' આ શબ્દ છે વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય અક્ષરના ઉચ્ચારની પદ્ધતિ સ્વયંસિદ્ધ છે, આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે. આહા !

અને અક્ષરોથી નીપજેલા સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહ એનું નામ તો શ્રુત છે-તે પણ અનાદિ અનંત છે. આહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખ્યું છે, અક્ષરો અનાદિ છે, સર્વજ્ઞ અનાદિ છે, શ્રુતકેવળીઓ અનાદિ છે. આહાહા ! આ રીતે પ્રમાણતા, છતાં પાછું આનું સાચું કે આનું સાચું એવી શંકા નાખવી ! આહાહા ! મહા પ્રમાણતાને પામ્યો છે. ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો. એ તો અનાદિથી શ્રુતકેવળી કેવળીઓ અને અક્ષરોથી ચાલ્યા જ આવે છે. આહાહા ! નિયમસારમાં પણ એમ કહ્યું છે ને ટીકાકારે ટીકા કરનાર અમે તે કોણ ? પદ્મપ્રભમલધારિદેવ એમ કહે છે. એ ટીકા તો અનાદિ સંતોથી ચાલી જ આવે છે. એ ટીકાનો ભાવ સંતોથી ચાલ્યો જ આવે છે, નિયમસારમાં છે. છે અહીંયા નિયમસાર ? હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે. વિકલ્પ ઉઠયા જ કરે છે કે આનું આમ થાય, આનું આમ થાય એ રુચિથી પ્રેરિત થવાને લીધે તાત્પર્યવૃત્તિ નામની આ ટીકા રચાય છે, અને ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા, આ પરમાગમના અર્થસમૂહોનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ? આ તો ભાવ ચાલ્યો જ આવે છે. ટીકાનો ભાવ નિયમસાર એ પણ પરંપરાએ મુનિઓમાં ચાલ્યો જ આવે છે. હું કરું છું નવો એમ છે નહિં. પાઠ

છે એવો હોં. આહા !

**गुणधर गणधररचितं श्रुतधरसन्तानस्तु सुव्रक्तम्**
**परमागमार्थसार्थं वकतुममुं के वयं मन्दा:**

આહાહા ! એ ભાવ– શ્રુતજ્ઞાન; એ ભાવ– કેવળજ્ઞાન, એ વાણી અકાર આદિના અક્ષરો અનાદિ છે. આહાહાહા !

એક ભાવને પણ બરાબર જાણે ને તો એ બધા ભાવને યથાર્થ જાણે. એક ભાવનું જયસેનાચાર્યની ટીકામાં છે. એક ભાવ પણ જે રીતે છે તે રીતે એ બરાબર જાણેને તેને બધા ભાવોનું જ્ઞાન યથાર્થ થઈ જાય. આહાહા ! કારણ કે એક ભાવ જ પણ ગંભીર–ગંભીર કથન કરનારા અને વાણી એ બધી અનાદિની. આહાહા ! એના એક ભાવને પણ બરાબર સમજે, તો બધા ભાવોનું જ્ઞાન એને યથાર્થ આવી જાય. આહાહા !

અહીં એ કહે છે. પોતાની બુદ્ધિથી કર્યું નથી. અન્યવાદી અલ્પજ્ઞાની પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું, એ બધું જૂઠું છે. આહાહા ! આ વાણી પરમાત્માની કહેલી. શ્રુતકેવળીની કહેલી અને વાણી વાણીરૂપે ચાલી આવતી. આહાહા !

અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી વાતો કરે એ માન્ય નથી. શાસ્ત્ર કલ્પનાથી રચે અને ભાવ પોતાને ઠીક લાગે એમ ગોઠવે એમાં, એ માન્ય વસ્તુ નથી. ઝીણી વાત છે.

આ ગ્રંથના અભિધેય એટલે કે શું કહેવું છે તે ચીજ, સંબંધ અને પ્રયોજન. વાણીને સંબંધ વાચક સાથે અને 'પ્રયોજન' આત્માનું પ્રગટ કરવું આત્માનું. એ શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય છે, જોયું ? ધ્યેય એ છે. શુદ્ધાત્મા તે ધ્યેય છે કહેવા માટે શુદ્ધાત્મા તે ધ્યેય છે. આહાહા ! ષટ્દ્રવ્ય ( છ દ્રવ્યો ) ધ્યેય છે એમ ન કહ્યું અહીંયા. ષટ્દ્રવ્યનું જ્ઞાન તો એક સમયની પર્યાયમાં આવી જાય છે જીવની. અને અહીં તો શુદ્ધાત્મા તે અભિધેય છે. આહાહા ! શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય, ધ્યેય. શુદ્ધ વસ્તુ તે ધ્યેય, ધ્રુવ તે ધ્યેય છે. ધ્રુવને ધ્યેય કહેવાનો અહીંયા આશય છે આખો. આહાહા !

તેના વાચક આ શબ્દો, આ ગ્રંથના શબ્દો છે એ વાચક છે, તેમનો અને શુદ્ધાત્માનો વાચ્ય–વાચક સંબંધ છે, તે સંબંધ છે. આહાહા ! વાચક શબ્દો અને વાચ્ય આત્મા શુદ્ધ ધ્યેય એ વાચ્ય– વાચકનો સંબંધ છે. આહાહા ! અને પ્રયોજન, ધ્યેય જે શુદ્ધાત્મા હતો એ કહેવાનું પ્રયોજન છે. કહેવાનું કથન છે–પ્રયોજન તો શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે લ્યો ! શુદ્ધ ભગવાન આત્માના પર્યાયની સ્વરૂપની પ્રાપ્તિ થવી પ્રયોજન છે.

કહો એક ગાથામાં કેટલું નાખ્યું ?

અભિધેય એટલે શું કહેવાનું છે કે શુદ્ધાત્મા.

વાચક શબ્દો, વાચક અને વાચ્યને નિમિત્ત નિમિત્ત સંબંધ છે, જેમ સાકર શબ્દ અને સાકર પદાર્થ સાકર પદાર્થ છે તે અભિધેય છે, સાકર શબ્દ છે, તે વાચક છે બેનો નિમિત્ત–નિમિત્ત સંબંધ છે. વાચક વાચ્યને બતાવે છે. આહાહા ! આવો સંબંધ છે. નિમિત્ત–નિમિત્ત સંબંધ એ પહેલી ગાથા થઈ.

## ગાથા - ૨

तत्र तावत्समय एवाभिधीयते-

जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।
पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।

जीव: चरित्रदर्शनज्ञानस्थित: तं हि स्वसमयं जानीहि।
पुद्गलकर्मप्रदेशस्थितं च तं जानीहि परसमयम्।।२।।

योऽयं नित्यमेव परिणामात्मनि स्वभावेऽवतिष्ठमानत्वादुत्पादव्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया सत्तयानुस्यूतश्चैतन्यस्वरूपत्वान्नित्योदितविशददृशिज्ञप्तिज्योतिरनन्तधर्माधिरूढैकधर्मित्वादुद्योतमानद्रव्यत्व: क्रमाक्रमप्रवृत्तविचित्रभावस्वभावत्वादुत्सङ्गित गुणपर्याय: स्वपराकारावभासनसमर्थत्वादुपात्तवैश्वरूप्यैकरूप: प्रतिविशिष्टावगाहगति स्थितिवर्तनानिमित्तत्वरूपित्वाभावादसाधारणचिद्रूपतास्वभावसद्भावाच्चाकाशधर्माधर्मकालपुद्गलेभ्यो भिन्नोऽत्यन्तमनन्तद्रव्यसङ्करेऽपि स्वरूपादप्रच्यवनाट्टङ्कोत्कीर्णचित्स्वभावो जीवो नाम पदार्थ: स समय:, समयत एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्ते:।

अयं खलु यदा सकलभावस्वभावभासनसमर्थविद्यासमुत्पादकविवेकज्योतिरुद्गमनात्समस्तपरद्रव्यात्प्रच्युत्य दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपात्मतत्त्वैकत्वगतत्वेन वर्तते तदा दर्शनज्ञानचारित्रस्थितत्वात्स्वमेकत्वेन युगपज्जानन् गच्छंश्च स्वसमय इति, यदा त्वनाद्यविद्याकन्दलीमूलकन्दायमानमोहानुवृत्तितन्त्रतया दशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपा- दात्मतत्त्वात्प्रच्युत्य परद्रव्यप्रत्यय-मोहरागद्वेषादिभावैकत्वगतत्वेन वर्तते तदा पुद्गलकर्म-प्रदेशस्थितत्वात्परमेकत्वेन युगपज्जानन् गच्छंश्च परसमय इति प्रतीयते। एवं किल समयस्य द्वैविध्यमुद्धावति।

---

પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું ? તેથી હવે પહેલાં સમયને જ કહે છેઃ-

જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;
સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.

ગાથાર્થઃ- હે ભવ્ય ! [ जीव: ] જે જીવ [ चरित्रदर्शनज्ञानस्थित: ] દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે [ तं ] તેને [ हि ] નિશ્ચયથી [ स्वसमयं ] સ્વસમય [ जानीहि ] જાણ; [ च ] અને જે જીવ [ पुद्गलकर्मप्रदेशस्थितं ] પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે [ तं ] તેને [ परसमयं ] પરસમય [ जानीहि ] જાણ.

ટીકાઃ- ‘ સમય ’ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ ‘ सम् ’ તો ઉપસર્ગ છે, તેનો અર્થ ‘ એકપણું ’ એવો છે; અને ‘ अय् गतौ ’ ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ

પણ છે; તેથી એકસાથે જ ( યુગપદ્ ) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે તે સમય છે. આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે. આ જીવ-પદાર્થ કેવો છે ? સદાય પરિણામ-સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો તથા પુરુષને ( જીવને ) અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ, પરિણમનસ્વભાવ કહેવાથી, થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું. વળી જીવ કેવો છે ? ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે ( કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે ). આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર સાંખ્ય-મતીઓનું નિરાકરણ થયું. વળી તે કેવો છે ? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે ( કારણ કે અનંત ધર્મોની એક્તા તે દ્રવ્યપણું છે ). આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો. વળી તે કેવો છે ? ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે. ( પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે. ) આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો. વળી તે કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે ( અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે ). આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે ? અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો-અવગાહન-ગતિ-સ્થિતિ-વર્તનાહેતુપણું અને રૂપીપણું-તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ-એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે ? અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે. આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો. -આવો જીવ નામનો પદાર્થ સમય છે.

જ્યારે આ ( જીવ ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ ( અસ્તિત્વરૂપ ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે ' સ્વસમય ' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે; પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે ( પુષ્ટ થયેલો )

**મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે ( એકપણું માનીને ) વર્તે છે ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે. આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય-એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.**

**ભાવાર્થઃ- જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. 'જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. એ જીવપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે, દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે, તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે, વળી તે ( જીવપદાર્થ ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે. એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.**

## પ્રવચન નં. ૮ ગાથા - ૨ તા. ૧૫-૬-૧૯૭૮ ગુરુવાર

'પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી', સિદ્ધાંત-પદાર્થને કહેવાની પ્રતિજ્ઞા કરી, ત્યાં એ આકાંક્ષા થાય-ઈચ્છા થાય કે 'સમય' એટલે શું ?' સમય કહેવો કોને ? તમે સમયપ્રાભૃત કહેવા માગો છો... તો સમય કહેવો કોને ? શું તમે કહેવા માગો છો ? સમય એટલે શું ? આહા... ! કે 'તેથી હવે પહેલાં સમયને જ કહે છે' -કોને સમય કહેવો એની વ્યાખ્યા બીજી ગાથાથી શરૂ કરે છે. આહાહા !

'जीवो' ઉપાડયું આંહીથી પહેલું "જીવો" ન્યાંથી ઉપાડયું ! 'जीवो' તે જીવઃ છે ને વ્યુત્સર્ગ... ? જીવને કહેવું છે આંહી ! અને તેથી ૪૭ શક્તિમાં પહેલી શક્તિ 'જીવત્વશક્તિ' લીધી છે. એ આંહીથી ઉપાડી છે. જીવ જીવત્વ શક્તિથી બિરાજે છે ત્રિકાળ. ભગવાન આત્મા ત્રિકાળ પોતાના જીવત્વશક્તિ એટલે ગુણ એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત બળ એનાથી તે જીવનું જીવન અનાદિથી છે. એવો 'जीवो' એમ ઉપાડયું. આમ સંસ્કૃતનો વ્યુત્સર્ગ થઈ ગ્યો 'जीवो' આમ કહીએ તો જીવો જે જીવ છે તે રીતે જીવો, એ જીવતર શક્તિ કીધી જે રીતે જીવ છે વસ્તુ. આહાહા ! તે રીતે જીવો એને જીવ કહીએ. આહાહાહા ! આ શરીરથી ને.. ઈંદ્રિયોથી ને દશ પ્રાણથી જીવે એ જીવ નહીં. આહાહા !

जीवो चरितदंसणणाणठिदो- जीवों दंसणणाण दंसण ठिदो - ન્યાં 'जीवो' આવ્યું ને આંહી 'ठिदो' આવ્યું ! तं हि ससमयं जाण। તેને સ્વસમય જાણ. આહાહાહા ! આદેશ કર્યો છે. ભગવાન કુંદકુંદાચાર્ય 'જાણ' એમ કહે છે. 'જાણ' તો એનો અર્થ ઈ છે કે અજાણને જાણ

બતાવે છે. જે જાણતો નથી એને કહે છે કે ‘ જાણ ’.

આહાહા ! ‘ पोग्गलकम्मदेसट्ठिदं ’ च तं जाण परसमयं।। આહાહા !

જીવ ચરિત–દર્શન–જ્ઞાન સ્થિત સ્વસમય નિશ્ચય જાણવો.. એમ જીવો– જીવ એમ નહીં કહે છે. પણ દર્શનજ્ઞાનચારિત્રથી જીવે તે જીવ છે. ત્યારે એણે જીવ જાણ્યો કહેવાય. આહાહાહા ! શું કહ્યું ? જીવ છે એ અનંત દર્શન જ્ઞાન આનંદ ને વીર્યથી તો જીવે છે, ત્રિકાળ, પણ એ જીવને એ રીતે જેણે જાણ્યો, માન્યો ને અનુભવ્યો એને સ્વસમય કહેવામાં આવે છે. આહાહા ! એણે આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે. આહાહા !

ગાથાર્થ લઈએ પહેલો ‘ હે ભવ્ય ! ’ તેમ એ લીધું છે ‘ જાણ ’ છે ખરું ને.. ? ‘ જાણ ’ ત્યારે કો ’કને કહે છે ને.. ? ’ હે ભવ્ય ! આહાહા ! જીવ દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત રહ્યો છે, સ્થિત થઈ રહ્યો છે, પર્યાયમાં હોં ! આહાહા ! જીવ ત્રિકાળ શક્તિથી તો જીવી રહ્યો છે. પણ એને જીવી રહ્યો છે એનું જ્ઞાન જેને થાય, એની શ્રદ્ધા થાય, ઠરે એ સાચો જીવ છે. આહાહા ! ‘ ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે ’છે ને.. ? ‘ તેને નિશ્ચયથી સ્વસમય જાણ ’ એને ખરો આત્મા જાણ. જેને સમ્યગ્દર્શન, હેં ? ( શ્રોતાઃ સાધુપદ થાય એ ખરો આત્મા થાય એમ કીધું ? ) એ આંહીં સાધુ, કહેનાર છે ને... ! સાધુ કહેનાર છે તે ત્રણ બોલથી ઉપાડયું છે ! કહેનાર પોતે સાધુ છે ને ! તેથી છઠ્ઠી ગાથામાં, પ્રમત્ત અપ્રમતનો નિષેધ કર્યો છે ને.. ! પોતે, પ્રમત અપ્રમત ગુણસ્થાનમાં છે. એનો નિષેધ કરીને, જ્ઞાયકભાવ છું એમ કીધું છે. કહેનાર પોતાની સ્થિતિને... વર્ણવતી સાથે વર્ણવી રહ્યા છે. આહાહા !

એને જીવ એટલે સ્વસમય પોતામાં આવ્યો છે એને એ કહીએ, કે જે જીવસ્વરૂપ ભગવાન એની સન્મુખ થઈને જે સમ્યગ્દર્શન, એનું જ્ઞાન, એમાં સ્થિરતા, એવા જીવને સ્વસમયમાં આવ્યો અને સ્વસમયને જાણ્યો અને સ્વસમયરૂપ થયો એમ કહેવામાં આવે છે. આહાહાહાહા !

ગજબ શૈલી છે ને ! ! સમયસાર એટલે... ( શ્રોતાઃ દિવ્યધ્વનિ... ) આહાહા ! થોડું. પણ ધીમેથી અંદર ઓગાળીને.. ઓલા ઢોર ખાયને ઢોર, પછી અંદર ઓગાળે નિરાંતે બેસીને.. પેટમાં નાખે એક હારે એમ આ ઓગાળવું જોઈએ, એટલે વારંવાર એનું મંથન થવું ( વાગોળવું ) જોઈએ. આહાહા !

જીવ, સ્વસમય એને કહીએ કે જેની પર્યાયમાં, જેની દશામાં દશાવાનની પ્રતીતિ થઈ છે, જેની દશામાં દશાવાનનું જ્ઞાન થયું છે, જેની દશામાં દશાવાન ઠર્યો છે. આહાહા ! ‘ એને સ્વસમય જાણ ’ કુંદકુંદાચાર્ય આદેશ કરે છે. ( શ્રોતાઃ પર્યાયથી તો જાણે ) જાણ.. જાણીશ જ. આહાહા ! બાપુ ! એમ રહેવા દે, સંદેહ રહેવા દે, ન જાણી શકું રહેવા દે. મને અઘરું પડે ઈ રહેવા દે ! ! ‘ છે ’ તેને પ્રાપ્ત કરવો એમાં તને અઘરું કેમ લાગે છે એમ કહે છે. આહાહા !

ભગવાનને ( આત્માને ) પરમાણુ પોતાનો કરવો હોય, તો નહીં થઈ શકે, અરે રાગને કાયમ રાખવો હોય તો નહીં કરી શકીશ પણ આ તો કરી શકીશ. આહાહા ! ‘ जीवो चरितदंसणणाणठिदो ’ ભાષા કેવી લીધી છે ! જીવમાં દર્શન જ્ઞાનથી ઠર્યો એમ ન લેતાં ‘ જીવ દર્શનજ્ઞાનચારિત્રમાં ઠર્યો ’ શું કીધું ? ( શ્રોતાઃ જીવ ઠર્યો ) એમ કે ધ્યેય તો આત્મા છે. એને ધ્યેય બનાવીને જે દર્શન જ્ઞાન ચારિત્ર થયું, તો ઈ તો દ્રવ્યને આશ્રયે થયું છે, અને આંહી તો કહે છે કે જે

જીવ, દર્શન જ્ઞાન ચારિત્રપર્યાયમાં ઠરે તેને સ્વસમય કહે છે. આંહી ઠર આમ. સમજાય છે ? આહાહા !!

જીવ જે અનાદિથી કર્મના પ્રદેશે એટલે ( વિ )ભાવ એવો વિકાર એમાં ઠરે છે, એ તો અનાદિ છે. એ તો અજીવ છે. આહાહા ! પણ જે જીવ પોતાની સંપદાને, પૂરણ સંપદાને જ્ઞાનમાં જાણી.. પ્રતીત કરી અને એમાં ઠરે છે, જીવ એમાં ઠરે છે. આહાહા ! દર્શન જ્ઞાન ચારિત્રમાં જીવ ઠરે છે. દર્શન જ્ઞાન ચારિત્ર જીવને આશ્રયે થાય છે, એમ ન લેતાં.. આહાહાહા ! એ આમ રાગમાં ઠરતો, એ હવે સ્વભાવમાં ઠરે છે એમ બતાવવું છે. આહાહા ! બહુ થોડા શબ્દો, આ તો નિવૃત્તિના મારગ છે બાપુ. આહાહા !

'સ્વસમય જાણ' જે ભગવાન પ્રભુ ( નિજાત્મા ) પૂરણ સંપદાથી ભરેલ છે, એ જીવ પોતે પોતાના સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમાં ઠરે છે આંહી, જે અનાદિથી રાગમાં વિકારમાં ઠરતો, એની વાત પહેલી ન લેતાં, એની પછી લેશે. પહેલી તો આંહી શરૂઆત કરવી છે, અને શરૂઆત કરનારાઓને કરવી છે, એથી એણે આ જ વાત લીધી પહેલી. પહેલા પદમાં આ લીધું 'जीवो चरितदंसणणाण ठिदो' પછી ઓલી વાત કરશે અનાદિની. આહાહા ! તેને નિશ્ચયથી એટલે हि -ખરેખર. જે જીવ પોતાની નિર્મળ પર્યાયમાં ઠરે છે જીવ જીવમાં રહે છે, દ્રવ્યમાં એમ નહીં, જીવ જીવના દ્રવ્યમાં રહે છે એમ નહીં, દ્રવ્ય તો રહેલું જ છે, પણ એ દ્રવ્ય જીવ પોતાના સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમાં જીવ દ્રવ્ય ઠરે છે, તેને સ્વસમય નામ આત્મા જાણ, તે આત્મા છે. હૈ શબ્દ એમાં ? આહાહા !

જીવ, જીવમાં રહે છે ત્રિકાળી એમ નહીં, ત્રિકાળી તો રહેલો ( જ ) છે. અને રહેલાને જાણ્યું કોણે ? રહ્યો છે ઈ અંદર છે એવું જાણ્યા વિના રહ્યો છે એવું જાણ્યું કોણે ? ( શ્રોતાઃ પર્યાયે ). આહાહા ! પરમ સ્વભાવભાવ ભગવાન આત્મા પોતામાં રહ્યો છે, પણ રહ્યો છે એવું જાણ્યું કોણે ? રહ્યો છે એ રહ્યો છે ( શું ) એના ધ્રુવે જાણ્યું ? આહાહા ! જીવ, ત્રિકાળ પરમ સ્વભાવભાવપણે રહેલો છે. એવું જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એનું જેણે પ્રતીત કર્યું, એમ જેણે ઓળખીને પ્રતીત કરી આ છે એમ જાણીને પ્રતીત કર્યું. એ આત્મા પ્રતીતમાં આવ્યો ! એ આત્મા, આત્માના દ્રવ્યમાં તો હતો. પણ એની પ્રતીતમાં આવ્યો એ. આહાહા ! 'दंसण'માં આવ્યો. એ એના જ્ઞાનમાં આવ્યો ઈ. આહાહા ! ભગવાન આત્મા પૂરણ જ્ઞાનથી તો ( ધ્રુવ ) છે પણ 'છે' એવું જાણ્યું કોણે ? જાણ્યા વિના એ 'છે' એમ માન્યું કોણે ? આહાહા ! રમણિકભાઈ ? આવું ઝીણું છે, 'આ' ઝીણું. આહાહા ! ગજબ વાત છે ! એક એક ગાથા ને એક એક પદ.. શિવપદના ભણકારા વાગે છે. આહાહા !

એ જીવ છે. અનંત અપરિમિત ગુણોનો ભંડાર પણ જેણે જાણ્યું ને, માન્યું નથી એને ક્યાં છે ? આહાહા ! કહ્યું 'તું ને.. પ્રશ્ન થયો હતો ને આંહી હમણાં વારીયા છે, એક ત્રિભોવનભાઈ એણે પ્રશ્ન કર્યો હતો, કે પ્રભુ આપ કારણપરમાત્મા કહો છો જીવને.. 'કારણપરમાત્મા' કારણ જીવ, કારણ પ્રભુ તો કારણ હોય તો એનું કાર્ય આવવું જોઈએ પણ કાર્ય તો આવતું નથી, કારણ પરમાત્મા તો છે તમે કહો છો. પ્રશ્ન થયો 'તો રાજકોટમાં. આ કાઠિયાવાડમાં એમના પિતાશ્રી વિરજીભાઈને દિગમ્બરના શાસ્ત્રોનો અભ્યાસ પહેલો એમનો જ હતો. આ કાઠિયાવાડમાં વીરજીભાઈ વકીલ હતા ૯૦/૯૧/૯૨ વરસે ગુજરી ગયા. એમના દિકરાનો પ્રશ્ન હતો, કારણપરમાત્મા

તમે કહો છો પ્રભુ ! તો કારણ છે તો કાર્ય આવવું જોઈએ ને ? અને કાર્ય તો આવતું નથી.

કીધું, કોને પણ ? કારણપરમાત્મા છે.. એવો જેણે સ્વીકાર કર્યો છે.. તેને કાર્ય થયા વિના રહેતું નથી, પણ સ્વીકાર નથી ત્યાં કાર્ય ક્યાંથી આવે એને ? એની દૃષ્ટિમાં કારણપરમાત્મા છે ? એ તો છે જ નહિં. દૃષ્ટિમાં તો પર્યાય ને રાગ છે. એને કાર્ય, કારણનું આવે ક્યાંથી ? સમજાય છે આમાં ? આહાહા

કારણપરમાત્મા.. છે, પણ કોને ? જેણે છે એવું માન્યું જાણ્યું તેને ઈ જાણ્યું–માન્યું તેને છે એટલે એ પરિણમન થયું એ પર્યાય થઈ. એની પર્યાયમાં એની કબૂલાત થઈ છે, ત્યારે આંહી પર્યાય થઈ છે. એની કબૂલાત વિના, એનું કાર્ય આવે જ નહીં. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનો મારગ, મોક્ષનો ઈ ત્રિકાળી ચીજની માન્યતામાં, જ્ઞાનના જ્ઞેય વિના એ વાત આવે જ નહીં. એ જ્ઞાનમાં ઈ જ્ઞેય આવડું છે એવું જાણ્યું ત્યારે જ્ઞાન આવ્યું. ‘ આવડું છે ’ એમ પ્રતિત કરી ત્યારે સમ્યગ્દર્શનમાં આત્મા આવડો છે એમ માન્યો. આહાહા ! આંહી આ ત્રણ બોલથી વાત કરી છે ને પોતે મુનિ છે ખરાને !

‘ चरितदंसणणाण..... ठिदो ’ એમ લીધું છે એમાં પણ પહેલો चरित શબ્દ છે એ તો પદની રચના માટે છે. પદ્ય છે ને આ... અને કવિતાની રચના–પદ્યની માટે ‘ चरित ’ લીધું પહેલું. આમ તો ‘ दंसणणाणचरित ’ છે. પણ પાઠમાં આમ આવ્યું છે. ‘ चरितदंसणणाण ठिदो ’ એ ગદ્યમાંથી પદ્યની રચનામાં એ રીતે આવ્યું છે. નહિંતર, વસ્તુની સ્થિતિમાં તો દર્શન જ્ઞાન ને ચારિત્રમાં છે ને ! આહાહા ! જુઓ. અર્થ કેમ મૂકી દીધો જોયું ? પાઠ... તો ‘ चरितदंसणणाण ’ સ્થિત છે.. છે ? ગાથાર્થ ( માં ) અર્થ કેવો કર્યો, દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત રહ્યો છે. ત્યાં એમ કહ્યું છે ગાથાર્થ જુઓ. મૂળ ગાથાનો પહેલો શબ્દ છે, ટીકા નહીં–ટીકા નહીં. આહાહા ! આહાહાહા ! માળા પંડિતોય પણ ! આ પંડિતો કહેવાય જે આશય કહેવાનો છે તે આશય કાઢે ને સમજે, આ... કોરા વ્યાકરણવાળા નહીં કાઢી શકે. આહાહા ! આહાહા !

અરે ! ભગવાન એક વાર સાંભળ તો ખરો પ્રભુ તું વિરોધ કરે છે ( અને બોલે છે ) એય એકાંત છે, એકાંત છે પણ બાપા ભાઈ નિશ્ચયનયનો અર્થ જ સમ્યક્ એકાંત છે, નય સમ્યક્ એકાંત છે. પ્રમાણમાં અનેકાન્ત છે. આહાહા ! સમ્યક્ એકાંતમાં જેવો જીવ છે તેવો જેણે ‘ दंसण ’ પ્રતીત કર્યો. એ દર્શનમાં સ્થિર થયો; દર્શન આત્માને આશ્રયે થયું એમ ન કહેતાં... દર્શનમાં આત્મા સ્થિર થયો. પર્યાયમાં આત્મા આ નિર્મળ પર્યાયમાં આત્મા આવ્યો, ધ્રુવ તો હતું. આહાહા ! સમજાણું કાંઈ ?

આવો મારગ છે પ્રભુ બહુ જુદી વાત ભાઈ, એની એક એક ગાથા એક–એક શબ્દે ગજબ કામ કર્યાં છે આહાહા ! ( શ્રોતાઃ કહતે હૈં કિ પર્યાય છૂતી નહીં, ઇધર આ ગયા ! ) પર્યાયમાં જણાણો ત્યારે તેને આત્મા કહેવામાં આવ્યો, ન જણાણો એને આત્મા છે ક્યાં ? આહાહા ! ઘરમાં હીરો પડયો છે પણ ખબર નથી, કે કોલસો છે કે હીરો ?

આહાહા ! એમ ચીજ જે છે, એ છે જેટલી ને જેવડી, એટલી પ્રતીત કર્યા વિના, ઈ છે એમ આવ્યું કોને ? આહાહા !

વિશેષ કહેશે...